# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ (COVID-19)

તા.૦૩/૦૪/૨૦૨૧

સુરત શહેરમાં કોરોના વાયરસના હાલની પરિસ્થિતી જોઈએ તો કોરોના વાયરસના સંક્રમણના કેસો ખૂબ જ વધારે છે. સુરત મહાનગરપાલિકા કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા વિવિધ સઘન કામગીરી કરી રહી છે. આ કોરોના વાયરસના સંક્રમણની સાંકળને તોડવી એ આપણા સૌ શહેરીજનોની સહિયારી જવાબદારી છે. કોરોના વાયરસ સામે સુરક્ષિત રહેવા સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવું તથા હાલ માસ્ક અને વેકસીન લેવી ખૂબ જ જરૂરી છે. માસ્ક અને સામાજિક અંતર જાળવવાથી કોરોના વાયરસના સંક્રમણથી બચી શકાય છે અને વેકસીન લેવાથી હોસ્પિટલાઈઝેશનનું જોખમ ઘટે છે જેથી વેકસીન લેવી ખૂબજ જરૂરી છે.

હાલ સુરત મહાનગરપાલિકા ધ્વારા  ૧લી એપ્રિલથી ૪૫ વર્ષથી વધુ વયના તમામ શહેરીજનોને વેકસીન આપવામાં આવી રહી છે. જેથી ૪૫ વર્ષથી વધુ વયના  તમામ શહેરીજનોને ઝડપથી વેકસીનેશન કરાવી સુરત મહાનગરપાલિકાને કોરોના વાયરસ સામેની આ જંગમાં યોગ્ય સાથ – સહકાર આપે એવી વિનંતી. વધુમાં વેકસીન લીધા બાદ પણ આ તમામ વ્યકિતઓએ ફરજિયાત માસ્ક પહેરવા અને કોરોના વાયરસ સામેની સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું અચૂક પાલન કરે. વેકિસનેશન સેન્ટરની માહિતી https://tinyurl.com/Covid19VaccinationRegistration/ લીંક પરથી મેળવી શકાશે.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,

સમાચાર યાદી નં.૨૭

તા.૦૩/૦૪/૨૦૨૧